# કર્ણની કરુણતા

દેવકીનંદનની પ્રત્યક્ષ ઉપસ્થિત અને દરમ્યાનગીરી છતાં મહાભારત કરુણતા, સંઘર્ષ અને વૈમનસ્થની કથા છે, જે ઘણી હૃદયવિદારક, વિચારણીય અને સંવેદનશીલ છે. એક એક પાત્ર અને પરિસ્થિતિ આજે હજારો વર્ષો પછી પણ જીવંત અને સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં પણ આપણને ગહન ચિંતન મનનમાં લઇ જાય છે.

આજે મારે વાત કર્ણ વિશે કરવી છે. કર્ણ વિશે વિચારતાં તેની કરુણતા જ મનમાં ઘોળાયા કરે છે અને સહાનુભૂતિનો સ્રોત તેના તરફ વહેવા લાગે છે. જો કે કર્ણની પણ કેટલીક ભૂલો અક્ષમ્ય હતી છતાં એ ભૂલો પાછળનાં પરિબળો વિશે વિચારીએ તો તેની પરિસ્થિતિની વાસ્તવિક્તા પણ દિલને હચમચાવી જાય છે.

સૂર્યપુત્ર તરીકે કવચ અને કુંડળ સાથે જન્મેલા કર્ણનો જન્મતાં વેંત તેની માતા કુંતીએ તેને નદીના પ્રવાહમાં વહેતો મૂકી દીધો. માતા કુંતીએ કૌમાર્યાવસ્થામાં જ સૂર્યની આરાધનાથી કર્ણને જન્મ આપ્યો પણ બદનામીના ભયથી



તેણે નવજાત કર્ણનો ત્યાગ કર્યો. પણ એમાં આ નવજાત શિશુનો શો વાંક? સૂર્યપુત્ર તરીકે જન્મ્યો હોવા છતાં તે સુતપુત્ર 'રાધેય' તરીકે ઓળખાયો. તે ક્ષત્રિય હોવા છતાં તેનું ક્ષાત્રતેજ તે દર્શાવી ન શક્યો. આ કેવી કરુણતા? જયારે કૌરવો અને પાંડવો વચ્ચે સૌ સૌની શક્તિ દર્શાવવાનું આયોજન થયું ત્યારે તે 'સુતપુત્ર' હોવાના નાતે, ક્ષત્રિય હોવા છતાં પોતાની શકિત તે દર્શાવી ન શક્યો.

એક સમયે દુર્યોધને તેને સાથે આપ્યો. તેનો તેના મિત્ર સ્વીકાર કર્યો. આ મૈત્રી તેણે જીવનભર નિભાવી. તેના પ્રતાપે અને પ્રભાવે તેને જયારે પોતાના જન્મની સાચી હકીકતની જાણ થઇ તેમ છતાં તેણે દુર્યોધનના મિત્ર તરીકે નૈતિકતા ખાતર મૈત્રીને જ વફાદાર રહ્યો અને મહાભારતના યુદ્ધમાં તે પોતાના જ સગા ભાઇઓ સામે રણમેદાનમાં ઊતર્યો, ઊતરવું પડયું ત્યારે તેની મનોદશા કેવી હૃદયવિદારક હશે તેની કલ્પના પણ ધ્રુજાવી દે છે. કૃષ્ણે કર્ણને તેના જન્મની સાચી વાત જણાવી અને ક્ષત્રિય તરીકે તેનું સન્માન કર્યું. કૃષ્ણે તેને સૌ પ્રથમ તો ગર્ભિત રીતે તેના જન્મની વાત કહી ત્યારે કર્ણે પૂછયું: ''તો શું મારી માતા જીવિત છે?'' કૃષ્ણે 'હા' કહી. કૃષ્ણે જણાવ્યું : ''મારી ફોઇ કુંતી તારી માતા છે. તું પાંડવોનો મોટો ભાઇ છે.'' જન્મની આ વાત કહ્યા પછી કૃષ્ણે કર્ણને પાંડવોના પક્ષે યુદ્ધ લડવા જણાવ્યું ત્યારે કર્ણે કૃષ્ણની એ વાતનો સાદર ઇનકાર કર્યો. કર્ણે જણાવ્યું કે જયારે કોઇનો સાથ નહોતો ત્યારે દુર્યોધને મને સાથ આપ્યો હતો. એ સાથ હું કેવી રીતે ભૂલી શકું? દુર્યોધનનો અનાદર કરી હું મારી નૈતિકતાનો ભંગ ન કરી શકું.'' કૃષ્ણે કહ્યું કે તું મોટા ભાઇ તરીકે અર્જુન સામે બાણ ચલાવશે? કર્ણે જે જવાબ આપ્યો તે હૃદયને હચમચાવી દે તેવો છે. તેણે કહ્યું: ''મહાદેવ તેની રક્ષા કરશે.'' આમ મોટા ભાઇ તરીકે અર્જુનના પ્રાણની રક્ષા કાજે તેણે મહાદેવને પ્રાર્થના પણ કરી લીધી. એટલું જ નહીં, પાંડવોના વિજયનો પણ છૂપો સંકેત આપણને મળે છે. કર્ણની આ કરુણતા છે ઉદારતા છે. સાથે સાથે તીવ્ર મનોસંઘર્ષ પણ છે. કર્ણ પ્રત્યે આપણાં મનમાં સહાનુભૂતિ અને સંવેદના જગાવે છે.

હવે આપણે દ્રૌપદીના ચીરહરણના પ્રસંગ તરફ વળીએ. કર્ણે જે ભરી સભામાં દ્રૌપદીને 'વેશ્યા' કહી. આ હકીકતે પાંડવોના અને દ્રૌપદીના હૈયામાં નફરત જગાવી. સ્વાભાવિક જ છે ને! પણ આ સ્વાભાવિકતાની સામે આપણે વિચારીએ અને જાણીએ છીએ કે કર્ણ તે વખતે દુર્યોધનના પક્ષે હતો. પોતાના મિત્ર પ્રત્યેની

**કોઇને એક અપશબ્દ કહેવો ઉચિત નથી. એ અપશબ્દ સામા માણસના હૃદયને કેટલો વ્યથિત અને વિચલિત કરી દે છે જે કહેનારને માટે કર્મબંધન બને છે. કર્ણે દ્રૌપદીને કહેલો 'વેશ્યા' શબ્દ સંપૂર્ણ અનુચિત હતો છતાં તેના દ્વારા આપણને કર્મનો સિદ્ધાંત સમજાય છે**

વફાદારીને ખાતર જયેષ્ઠ પાંડુ પુત્ર હોવા છતાં નાના ભાઇની પત્નીને-ભાભીને 'વેશ્યા' કહેવા પ્રેરાયો એ બાબત આપણને હચમચાવી જ જાય છે અને આપણું હૃદય બોલી ઊઠે છે.''કર્ણ, તું આ શું કરે છે?'' રણમેદાનમાં કર્ણનો રથ કાદવમાં ફસાઈ ગયો.

કર્ણ એને બહાર કાઢવાના પ્રયાસમાં હોય છે ત્યારે જ સારથિ કૃષ્ણ અર્જુનને કર્ણને બાણ મારવા જણાવે છે. અર્જુન પણ ક્ષણભર તો હચમચી જાય છે પણ આ તો રણભૂમિ હતી. કર્ણ અંતમાં કૃષ્ણને પૂછે છે. ''કેશવ, મારો શું દોષ? મારો શું ગુનો?'' ત્યારે કેશવ તેને ભરી સભામાં દ્રૌપદીને 'વેશ્યા' કહેલી તે યાદ કરાવે છે. અભિમન્યુની અંતિમ ક્ષણોમાં કર્ણે તેને પાણી પણ નહોતું આપ્યું તે ક્ષણ યાદ કરાવે છે અને કર્મનું માહાત્મ્ય અને સજા સમજાવે છે. આપણને પણ સમજાય છે કે કોઇને એક અપશબ્દ કહેવો ઉચિત નથી. એ અપશબ્દ સામા માણસના હૃદયને કેટલો વ્યથિત અને વિચલિત કરી દે છે જે કહેનારને માટે કર્મબંધન બને છે.

કર્ણે દ્રૌપદીને કહેલો 'વેશ્યા' શબ્દ સંપૂર્ણ અનુચિત હતો છતાં તેના દ્વારા આપણને કર્મનો સિદ્ધાંત સમજાય છે. કર્ણ માટે એ કર્મબંધન આપણને વ્યથિત કરી દે છે. સાથે સાથે આપણા દિલમાં કરુણતા પણ જન્માવે છે. એટલું જ નહીં એક સમયે તો તે તેનાં કવચ-કુંડળ પણ દાનમાં આપી દે છે, આપી દેવાં પડે છે. એના જેવી બીજી કરુણતા કર્ણની કઇ હોઇ શકે?

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

# ભગવાનનું 'મન' દેવર્ષિ નારદજી



ભક્તિશાસ્ત્રના મહાન આચાર્ય, સંકિર્તન પરંપરાના પ્રવર્તક, ભક્ત શિરોમણી દેવર્ષિ નારદજીની આ સપ્તાહમાં જયંતી છે. કળિયુગમાં દેવતાઓમાં સૂર્યનારાયણ પ્રત્યક્ષ છે. દેવઋષિઓમાં નારદજી યોગ્યતા પાત્ર મનુષ્યનો કોઈપણ રૂપમાં સંપર્ક કરી શકે છે. શ્રી રાઘવેન્દ્ર સ્વામીજીને દેવર્ષિ નારદજીએ પ્રત્યક્ષ દર્શન આપ્યા હતા. સ્કંદપુરાણમાં વર્ણવેલ શ્રીકૃષ્ણ ભગવાન કૃત 'નારદ સ્તુતિ'નો પાઠ કરવાનો નારદ જયંતીએ વિશેષ મહિમા છે. શ્રીમદ્ ભાગવતમાં 1/ 6/ 39 માં કહેવાયું છે કે, અહો! આ દેવર્ષિ નારદજી ધન્ય છે. જે વીણા વગાડતા, હરિગુણ ગાતા અને મસ્ત બનીને આ દુઃખી દુનિયાને આનંદીત કરતા રહે છે. દેવર્ષિ નારદ ભગવાનના ખાસ પસંદગીના પાત્રોમાં સ્થાન ધરાવે છે. જે ભગવાનની માફક જ અવતાર લઈને ભગવાનની ભક્તિ અને તેના મહાત્મ્યનું વિસ્તરણ કરતા રહી લોક કલ્યાણ માટે જગતમાં ભ્રમણ કરે છે. તમામ યુગોમાં, તમામ લોકોમાં, સર્વ શાસ્ત્રોમાં અને સર્વ કાર્યોમાં નારદજીનો પ્રવેશ છે. તેમને ભગવાનનું 'મન' કહેવામાં આવ્યા છે. નારદજીને ભક્તિના એક પ્રધાન આચાર્ય માનવામાં આવે છે. તેમના દ્વારા રચવામાં આવેલા ભક્તિ સૂત્રોમાં ભક્તિ તત્વની ખુબ સુંદર વ્યાખ્યા સમજ આપવામાં આવી છે. તેમણે દરેક યુગમાં ફરતા રહીને ભક્તિનો પ્રચાર કર્યો અને હજુ પણ પરોક્ષ રીતે ભક્તોને સંકેત દ્વારા સહાય કરે છે. પાત્રતા ધરાવનાર ભક્તોને તો સાક્ષાત દર્શન આપી કૃતાર્થ કરે છે. દુનિયા પર તેમનો અખૂટ ઉપકાર છે. પ્રહલાદ, ધ્રુવ, અમ્બરીષ વગેરે મહાન ભક્તોને તેમણે ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત કર્યા અને શ્રીમદ્ ભાગવત તથા વાલ્મીકીય રામાયણ જેવા બે અજોડ ગ્રંથ પણ દુનિયાને તેમની કૃપાથી જ પ્રાપ્ત થયા. શુકદેવજી જેવા મહાન જ્ઞાનીને પણ તેમણે ઉપદેશ આપ્યો તેમના પૂર્વજન્મ સંબંધમાં શ્રીમદ્ ભાગવતમાં કથા છે. યોગ્ય સમયે કલ્પના અંતમાં તેમણે દિવ્ય વિગ્રહ ધારણ કરી બ્રહ્માજીના માનસ પુત્રના રૂપમાં પુનઃ અવતાર પામ્યા ત્યારથી અખંડ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી, ભગવાન દ્વારા પ્રાપ્ત થયેલી વીણા વગાડતા ભગવાનના ગુણોનું વર્ણન કરતા રહે છે. મહાભારતમાં કહ્યું છે કે, દેવર્ષિ નારદજી સમસ્ત વેદોના મર્મજ્ઞ, દેવતાઓના પૂજ્ય, ઈતિહાસ-પુરાણોના વિશેષજ્ઞ, અતીત કલ્પોની વાતોને જાણનાર, ધર્મતત્વના જ્ઞાતા, શિક્ષા કલ્પવ્યાકરણના અસાધારણ પંડિત, સંગીત વિશારદ, પ્રભાવશાળી વક્તા, મેઘાવી, નીતિજ્ઞ, કવિ, જ્ઞાની, સમસ્ત પ્રમાણો દ્વારા વિશદ વિચાર કરવામાં સમર્થ, બૃહસ્પતિ જેવા વિદ્વાનોની શંકાઓનું સમાધાન કરનારા, ધર્મ, અર્થ, કામ, મોક્ષના તત્વોને જાણનાર, યોગબળથી

**દેવર્ષિ નારદ જ્ઞાનના સ્વરૂપ, વિદ્યાના ભંડાર, આનંદના સાગર, સદાચારના આધાર, સર્વ જીવોના આકારણ પ્રેમી અને વિશ્વના સહજ હિતકારક ગણાય છે**

સમસ્ત લોકોની વાતોની માહિતી રાખનાર, મોક્ષાધિકારના જ્ઞાતા, સંધિ અને વિગ્રહના સિદ્ધાંતો જાણનાર, વિધિનો ઉપદેશ આપનાર, સમસ્ત સદગુણોના આધાર અને અપાર તેજસ્વી હતા. દેવર્ષિ નારદ જ્ઞાનના સ્વરૂપ, વિદ્યાના ભંડાર, આનંદના સાગર, સદાચારના આધાર, સર્વ જીવોના આકારણ પ્રેમી અને વિશ્વના સહજ હિતકારક ગણાય છે. તેમની સમસ્ત-લોકો જગતમાં ગતિ છે. તે ભગવાનના વિશેષ કૃપાપાત્ર અને લીલા સહચર છે જ્યારે જ્યારે ભગવાનના અવતાર થાય છે ત્યારે તેમની લીલાઓ માટેની ભૂમિકા તૈયાર કરે છે. લીલા ઉપયોગી ઉપકરણોનો સંગ્રહ કરે છે અને અન્ય પ્રકારે સહાય કરે છે. તેમનું મંગલમય જીવન જગતના મંગલ માટે જ છે. શ્રીરામ અને શ્રીકૃષ્ણની લીલાઓમાં તેમણે વિશેષ રૂપે સહયોગ આપ્યો હતો. એક રીતે દેવર્ષિ નારદ અજાતશત્રુની છાપ ધરાવતા. નારદજીનો ઉલ્લેખ માત્ર શ્રીમદ્ ભાગવત કે વાલ્મીકી રામાયણ પૂરતો સીમિત નથી પરંતુ અન્ય પુરાણોમાં પણ તેમની ભૂમિકાઓ વર્ણવવામાં આવી છે. જેમાં બોધનું તત્વ વિશેષ રૂપે જોવા મળે છે.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

## શ્રી નૃસિંહ ક્ષેત્ર



ભક્ત પ્રહલાદ દ્વારા પૂજિત શ્રીક્ષેત્ર નીરા- નૃસિંહપુર ખાતે આવેલા નૃસિંહ ભગવાનના મંદિરે આ સપ્તાહમાં નૃસિંહ જયંતીએ ભક્તો દર્શન, પૂજન માટે મોટા પ્રમાણમાં ઉમટશે. સાથોસાથ નૃસિંહ નવરાત્રનું સમાપન થશે. 'પદ્મપુરાણ'માં શ્રી ક્ષેત્ર નૃસિંહનો ઉલ્લેખ છે. પુણે પ્રદેશના પૂર્વ- દક્ષિણ ખૂણે નીરા અને ભીમા નદીઓના સંગમ તટ પર શ્રી ક્ષેત્ર નીરા-નૃસિંહપુર વસેલું છે. જે લોકોના કુળદેવતા ભગવાન નૃસિંહ છે તેઓ આ તીર્થ ક્ષેત્રે જઈને ભગવાન નૃસિંહના દર્શન અવશ્ય કરે છે. આ સ્થાન પર દેવર્ષિ નારદજીએ અહીં ઈન્દ્રને રોકીને કહ્યું હતું કે, 'કયાધુના' ગર્ભથી ભગવાનના ભક્તનો જન્મ થવાનો છે ત્યારે ઈન્દ્રએ કયાધુને નારદજીના આશ્રમમાં રાખ્યા. સમય જતા આ આશ્રમમાં કયાધુના ગર્ભથી ભક્ત પ્રહલાદનો જન્મ થયો. નારદ મુનિની સાથે રહેવાથી પ્રહલાદમાં ભક્તિ દઢ થઈ. પ્રહલાદની ભક્તિથી પ્રસન્ન શ્રી નૃસિંહ ભગવાને પ્રહલાદને દર્શન આપી કલ્યાણ કર્યું. પ્રહલાદે થોડી મોટી ઉંમરના થયા બાદ નીરા- ભીમા નદીના સંગમની રેતીથી શ્રી નૃસિંહ ભગવાનની મૂર્તિ બનાવી અને દરરોજ મનોભાવથી પૂજા કરવા લાગ્યો. આ પૂજાથી પ્રસન્ન થઈ શ્રી નૃસિંહ ભગવાને પ્રહલાદને દર્શન આપ્યા અને વરદાન આપ્યું કે જે કોઈપણ તારી જેમ આ રેતમૂર્તિની પૂજા-અર્ચના કરશે તેની સદ્ઈચ્છાઓ પૂરી થશે. કહેવાય છે કે આ મૂર્તિ હાલ આ મંદિરમાં પશ્ચિમાભિમુખ બિરાજમાન છે. શ્રી નૃસિંહ મૂર્તિની વિશેષતા એ છે કે પશ્ચિમાભિમુખ છે. રેતીની શીલાથી બનાવાયેલી છે. ભક્ત પ્રહલાદ દ્વારા પૂજીત આ મૂર્તિ વીરાસન મુદ્રામાં છે જેના બંને હાથ સાથળો પર છે. એમ લાગે કે ભગવાન નૃસિંહની સામેના મંદિરમાં સ્થિત ભક્ત પ્રહલાદની મૂર્તિ તથા ભક્તોની તરફ ખૂબ કરુણાભાવથી જોઈ રહ્યા છે. આ દેવસ્થાન ખૂબ જાગૃત મનાય છે. એવી માન્યતા છે કે નૃસિંહ ભગવાન અહીં સદા નિવાસ કરે છે અને મંદિરના દર્શન માત્રથી ચાર પુરુષાર્થ પ્રાપ્ત થાય છે અને મરણ બાદ વૈકુંઠલોકમાં સ્થાન મળે છે. પદ્મ પુરાણમાના એક શ્લોકનો ભાવાર્થ એવો છે કે, 'વેદોના જ્ઞાતા જે તીર્થક્ષેત્રની પ્રશંસામાં 'સુદર્શન' શબ્દનો પ્રયોગ કરે છે તે નીરા-નૃસિંહ પુર ક્ષેત્ર ક્ષેત્રરાજ છે. જે પૃથ્વી પર બિરાજમાન છે. 'ઈદં ન મમ'.